# સેશન્સ કેસ નં.–૧૦/૨૦૨૪ ના કામે ચાર્જશીટ તળે હુકમ

આજરોજ આરોપી અને જામીનદાર નોટીસ બજતા હાજર છે. આરોપી ને ક્રિ.પ્રો.કોડ,૧૯૭૩ ની કલમ–૪૩૯(૨) અંતર્ગત સતા વાપરી તેઓના જામીન શા માટે કાયમી ધોરણે રદ ન કરવા તથા જામીનદારને તેઓના બોન્ડ શા માટે ફોરફીટ ન કરવા તે માટેની કરેલ કારણદર્શક નોટીસ સંદર્ભમાં જામીનદારે આરોપી તેણીનો સગો ભાઇ થાય છે અને તેણી તેના જામીન તરીકે ચાલુ રહેવા પુરસીસથી જાહેર કરે છે. જે જાહેરાત રેકર્ડ પર લીધી.

આરોપીને તેના જામીન કાયમી ધોરણે શા માટે રદ ન કરવા તે મુદે કારણદર્શક નોટીસ કરવાનો હુકમ કરતા સમયે આરોપીની ગીર સોમનાથ જીલ્લામાં આવેલ સ્થાવર જંગમ મીલકત સબંધેનો વીગતો મેળવવા કલેકટરશ્રી, ગીર સોમનાથને કરેલ યાદી સંદર્ભમાં **મામલતદાર વેરાવળ(શહેર) ના જા.નં. ઈ–ધરા/વશી/૬૩૫/૨૦૨૪, તા.૨૨/૫/૨૦૨૪** થી આરોપીના નામે કોઇ સ્થાવર મીલકત આવેલ નથી તેવો રીપોર્ટ આવેલ છે પરંતુ, આજરોજ આરોપીના જામીદારે કરેલ જાહેરાત અને જાહેરાત સંદર્ભમાં કમીટલ ફાઇલમાંના પાના નં.૧૧૩ થી રજુ ગામના નમુના નં.૮–અ ની વીગતને વંચાણે લેતા, **મોજે ગામ વેરાવળ, તાલુકો–પાટણ વેરાવળ, જી.ગીર સોમનાથ ખાતે ખાતા નં.૨૧૫ થી કુલ હે.૧, ૯૪ આરે, ૨૫ ચો.મી. વાળી, સર્વે નં.૧૪૩૮** ની જે ખેતીની જમીન આવેલ છે તે ખેતીની જમીનમાં હાલના આરોપી તથા તેમના જામીનદાર કનીઝ ઇસ્માઇલના ફેરફાર **નોંધ નં.૩૦૭૮૯** થી રેવન્યુ રેકર્ડમાં નામ ચડેલ છે અને આ ફેરફાર નોંધની વીગતે હાલના કામના આરોપી ફેસલ ઇસ્માઇલ હાલા (તુરક) તેમજ હાલના કામના જામીનદાર કનીજ ઇસ્માઇલ તુરકનાઓ સહ હીસ્સેદાર હોય તેવું રેકર્ડ પર થી જણાય આવે છે.

આ કામના આરોપી અને જામીનદાર મુદત તારીખે હાજર ન રહેતા અદાલતે તેમની હાજરી સુનીશ્રીત કરવા નોટીસ કરવી પડેલ અને તે કારણે કેસની કાર્યવાહી ખોરંભે પડેલ છે તે બાબતને નજર સમક્ષ રાખી ભવીષ્યમાં ફરીથી જો આરોપી તથા જામીનદાર આ પ્રકારની કસુર કરે અને તે કારણે કાર્યવાહી ખોરંભે પડેઅ ને તે કીસ્સામા આરોપીને ભાગેડુ જાહેર કરી તેની મીલકત રાજય હસ્તક કરવાની થાય તેવા સંજોગો ઉભા થાય ત્યાં સુધીમાં આરોપી કે જામીનદાર આ મીલકતમાંનુ તેમનું હીત અન્ય કોઇના નામે તબદીલ કરી દે તો કેસનું ટ્રાયલ ફરીથી વીલંબમાં પડેલ તેવા સંજોગો હોય, હાલના હુકમની વીગત સાથે જામીન સબંધેની નોંધ તથા આ અદાલતનો બીજો હુકમ ન થાય ત્યાં સુધી સદર મીલકતમાંનો પોતાનો હીસ્સો આરોપી કે જામીનદાર અન્ય કોઇ રીતે કોઇના નામે તબદીલ ન કરે તે સારુ થઇ જામીનગીરીના તારણ અને હાલના હુકમ સબંધેની નોંધ થવા કલેકટરશ્રી, મારફતે મામલતદારશ્રી વેરાવળને યાદી કરવા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આરોપી તથા જામીનદારને કરેલ નોટીસ હવે પછી દર મુદત તારીખે નીયમીત રહેવાની/રખાવવાની તાકીદ કરી ફાઇલે કરવામાં આવે છે.

૨. મામલતાદારશ્રી વેરાવળનાઓએ, આ અદાલતનો બીજો હુકમ ન થાય ત્યાં સુધી સદર મીલકતમાંનો પોતાનો હીસ્સો આરોપી કે જામીનદાર અન્ય કોઇ રીતે કોઇના નામે તબદીલ ન કરે તે સારુ થઇ જામીનગીરીના તારણ અને

હાલના હુકમ સબંધેની નોંધ સદર મીલકતના રેકર્ડમાં કરવી.

હુકમ આજરોજ તા.૨૯/૫/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એસ.ગઢવી)
સેશન્સ જજ
ગીર સોમનાથ એટ વેરાવળ.
(જી.જે.૦૦૪૪૦)